THE SCIENCE WORLD
A Monthly e Magazine
ISSN:2583-2212
Popular Article
December, 2025 Vol.5(12), 11127-11130

# તણસની તકલીફ અને તેનુ નિદાન

ડો.ભામિનીબેન એમ. પટેલ[૧] , ડો. જલેન્દ્રભાઈ કે. માહ્લા[૨], ડો. જય વાય. બોદાલા[૨], ડો. શિતલ કે. પટેલ[૧]
[૧] પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, આણંદ
[૨] પશુચિકિત્સા અને પશુપાલન મહાવિદ્યાલય, કામધેનુ યુનિવર્સિટી, ભુજ
DOI:10.5281/ScienceWorld.18048821

ગાય અને ભેંસોમાં તણસનો રોગ (ઘૂંટણના હાડકાના ઉપરની બાજુએ સ્નાયુ સ્થિર થઈ જવાની સમસ્યા) આજે એક સામાન્ય શસ્ત્રક્રિયાત્મક સમસ્યા તરીકે જોવા મળે છે. આ રોગ એક પગમાં અથવાતો બંને પગમાં થાય છે. આ રોગને કારણે પ્રાણીઓમાં લંગડાપણું આવે છે, જેના પરિણામે બળદોના કામ કરવાની ક્ષમતા ઓછી થાય છે અને ગાય-ભેંસોના ચાલવામાં પણ અડચણ આવે છે, જેનાથી મોટું આર્થિક નુકસાન થાય છે. ભારતમાં મોટાભાગે પ્રાણીઓને ખેતરમાં ચરાવવામાં આવે છે ના કે ઘરે ઘાસ-ચારો કાપીને સીધો ગમાણમાં નાખી આપવામાં, તેથી બંને પગમાં આ સમસ્યા ધરાવતા પ્રાણીઓ ખેડૂત માટે ભારરૂપ બની જાય છે. ઘણીવાર કુશળ શસ્ત્રક્રિયક તબીબોની અછતને લીધે સમયસર સારવાર મળતી નથી. આ રોગ મુખ્યત્વે અનુવંશિક કારણોથી સંબંધિત હોવાથી, તે હજારો પ્રાણીઓમાં અવિરત જોવા મળે છે. અતિતમાં આ રોગનું પ્રમાણ, કારણો અને સારવાર પદ્ધતિઓ જાણવા માટે ઘણું સંશોધન થયું છે. આ રોગ સામાન્ય રીતે શિયાળાની ઋતુ માં જોવા મડે છે. કારણ કે શિયાળાની ઋતુમાં ઠંડીના કારણે સ્નાયુઓ જકડાય જાય છે અને છૂટા થતા નથી. ઘણી વખત તણસ થઈને એની જાતેજ સારવાર કરીયા વગર પણ સારું થઈ જાય છે. પણ થોડા સમય પછી ફરી થાય છે અને એવું જકડાય કે ફરી છૂટું પડતું નથી. તેથી જરૂરી સમયે ધ્યાન આપી સારવાર કરી લેવી જોઈએ. જો સારવાર સમયે કરવામાં ના આવે તો સ્નાયુ જાડા થઈ જાય છે અને શસ્ત્રક્રિયા દરમાયન તકલીફ થાય છે અને સ્નાયુ સરખી રીતે કપાતો નથી તેથી પશુસરખી રીતે ચાલી સકતો નથી.




Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
*Published 15/12/2025*

**કારણો**

- વારસા
- ગત પ્રભાવ
- શારીરિક નબળાય
- અચાનક અને કઠોર તાલીમ
- તેમજ લાંબા સમય સુધી એક જ જગ્યા એ બાંધી રાખવાથી બાંધી

**જોવા માડતા લક્ષણો**

- પશુને પગ જકડાય જતા તરતજ ધ્યાન દોરેલા કિસ્સામાં પછડનો પગ જકડાયને સીધો થય ગયો હોય છે.
- કોઈક વખત પશુને ચલાવીને જોતા થોડી વખત લંગડાઈ ને ચાલે છે અને થોડી વાર પછી પાછુ સીધી રીતે ચાલતુ થઈ જાયે છે. ફરી પાછું થોડી વાર પછી લગડાતું જોવા મડે છે.
- કોઈક કિસ્સા માં પશુ જ્યારે ચાલે ત્યારે પગ સીધો જકડાય ગયો હોય એવું લાગે છે અને જ્યારે ઊભું હોય ત્યારે કશું થયુજ ના હોય એવુ લાગે છે.




પટેલા(ઢાંકણી) ઉપરની બાજુ ખસી જવાને કારણે જકડાય ગયેલો ડાબો પગ

**રોગ નું નિદાન કઈ રીતે કરવુ ?**

- જયારે પશુનો પાછડનો પગ જકડાય ગયો હોય ત્યારે નિદાન કરવું ખુબજ સરળ થઈ જાય છે.
- સાથળના અંદરના ભાગમાં હાથથી અડીને તમે અનુભવ કરસો કે ઘૂંટણના ઉપરના ભાગે ઢાંકણી ખસીને ઉપર ચડી ગય હોય અને સ્નાયુ ફાઈબ્રોસિસ થવાના કારણે જાડો થવાથી દોરી જેવો થઈ ગયો હસે એવુ લાગસે.
- પટેલા(ઢાંકણી)ની ઉપરની બાજુ ખસી ગયેલા પ્રાણીઓ ઢોળાવ પર ચઢવામાં મુશ્કેલી અનુભવે છે કારણ કે તેઓ સ્ટાઇફલ સાંધાને સરખી રીતે સીધો કરી સકતા



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
Published 15/12/2025

નથી. પેટેલા(ઢાંકણી)ની ઉપરની બાજુ ખસી ગયેલા પ્રાણીઓ ઢોળાવ પર ચઢવામાં મુશ્કેલી અનુભવે છે કારણ કે તેઓ સ્ટાઇફલ સાંધાને સરખી રીતે સીધો કરી સકતા નથી.

- ઉપર ચઢતી વખતે આ પ્રાણીઓ પોતાનો આકાર બદલે છે અને સ્ટાઇફલને પાછળ તરફ ધકેલવાની મંજૂરી આપવામાં અનિચ્છા દર્શાવે છે.
- ઢાળ ઉતરતી વખતી પશુ પગમાં ઝાટકો અનુભવે છે કારણ કે તે સરખી રીતે પૂરે પૂરો સ્ટાઇફલ સાંધાને સીધો કરી સક્તુ નથી.

## નિદાન અને સારવાર

### પદ્ધતિ ૧: તમે પોતાની જાતે પશુચિકિત્સક ને બોલાવીયા વગર કઈ રીતે સારું કરી સકો અથવા તો વધતા અટકાવી સકો?

- આ પદ્ધતિ માં જકડાય ગયેલા પગને દોરી વડે ખરી ની ઉપર બાંધવામાં આવે છે ત્યાર બાદ દોરી વડે પગ ને આગડ ની બાજુ ખેચવામાં આવે છે તેથી ઢાંકણી અંદરની બાજુ નીચે ખસે છે અને પોતાની નોર્મલ જગ્યા એ આવી જાય છે.
- પશુને ચાબુકની મદદથી અચાનક ધક્કો આપવો જેથી તેની અચાનક ઉછળવાની ક્રિયા કારણે પટેલા (ઢાંકણી) મુક્ત થઈ શકે.
- પ્રાણીને પાછળ દોરવાથી સાથે સાથે પટેલા પર અંદરની અને નીચેની દિશામાં દબાણ આપવાથી તે મુક્ત થઈ શકે છે.

### પદ્ધતિ 2: શાસ્ત્રક્રિયા દ્વારા સારવાર



ઊભું રાખીને સારવાર



જમીન ઉપર સુવડાવીને સારવાર

શાસ્ત્રક્રિયા દ્વારા સારવાર બે રીતે કરી સકાય છે પશુને ઊભું રાખીને અને જમીન ઉપર સુવડાવીને. જો બોવ લાંબો સમયે થઈ ગયો હોય અને સારવાર ના કારાવી હોય તેવા પશુને ખાસ



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com
*Published 15/12/2025*

કરી ને જમીન પર સુવડાવીને ઓપરેશન કરવામાં આવે છે જેથી સ્નાયુ સરખી રીતે કપાય અને ઢાંકણી

પોતાની જગ્યા એ આવી જાયે અને લંગડપણું દૂર થાય.

શાસ્ત્રક્રિયામાં જે ભાગમાં ચીરો મારવાનો હોય છે તે ભાગ ને ઈંજેકસન આપી ને જૂઠો કરવામાં આવે છે. ત્યાર બાદ ૧/૪ થી ૧/૨ ઇંચનો ચીરો જકડાય ગયેલા સ્નાયુ ની ઉપર મારવા માં આવે છે જ્યાં સ્નાયુ ટિબિયા નામક હાડકાં સાથે જોડાયેલો હોય છે. ત્યાર બાદ બુઠી બ્લડે વડે તેને કાપવામાં આવે છે. અને અંતે ચામડીના ઘાને ટાંકા લયને બંધ કરવામાં આવે છે.



Official Website
www.thescienceworld.net
thescienceworldmagazine@gmail.com

*Published 15/12/2025*